## વડીલોને વંદન અભિનંદન



પ્રિયવદન રમણલાલ શાહ (૧૯૪૬) ફોન: ૨૩૨૨૩૪૪૪



બાબુલાલ મંગાજી વણઝારા (૧૯૪૦) ફોન: ૨૩૨૨૬૬૨૩



વસંતબેન સુરેશચંદ્ર ભટ્ટ (૧૯૪૫) ફોન: ૨૩૨૨૬૨૫૧

# ૫મી જાન્યુઆરીએ અમદાવાદમાં સાબરમતી મેરેથોન યોજાશે

### દર વર્ષે ગાંધીનગરના અનેક સ્પર્ધકો ભાગ લેતા હોઈ આ વર્ષે 'ગાંધીનગર સમાચાર' ખાતે રજીસ્ટ્રેશન સેન્ટર શરૂ કરાયું

અમદાવાદ, તા. ૧૬

દર વર્ષની માફક આ વર્ષે પણ અમદાવાદમાં આગામી ૫મી જાન્યુઆરી રવિવારે સાબરમતી મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેરેથોન દોડમાં ૪૨ કિમી અને હાફ મેરેથોન માટે ૨૧ કિમીનો રૂટ રાખવામાં આવ્યો છે.

આ સ્પર્ધામાં અમદાવાદ ડ્રીમ રન માટે ૭ કિમી તેમજ વિકલાંગો માટે ૫ કિમી માર્ગ નિર્ધારિત કરવામાં આવ્યો છે. રીવરફ્રન્ટ પાસે વલ્લભસદનથી શરૂ થનાર આ મેરેથોન દોડ ઈન્કમટેક્ષથી ઉશ્માનપુરા થઈ એલડી એન્જીનીયરીંગ સુધી જઈને યુ ટર્ન લેશે ત્યાર બાદ હેલ્મેટ સર્કલ થઈ દૂરદર્શન ટાવરથી ડાબી બાજુ વળી જજીસ બંગલો ચાર રસ્તાથી પકવાન ચાર રસ્તા તરફ જશે. ત્યારબાદ એસજી હાઈવેથી સાયન્સસીટી રોડ થઈને પ્રહલાદનગર, સરખેજ રોડ, વાયએમસીએથી યુટર્ન લઈને સરદાર પટેલ સ્ટેડિયમ પહોંચશે જ્યાં સમાપન કાર્યક્રમ યોજાશે. આ મેરેથોનમાં ભાગ લેવા માટે અમદાવાદમાં અલગ અલગ વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના સિવિક સેન્ટરોનો સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાંત ઓનલાઈન રજીસ્ટ્રેશનની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. ગાંધીનગર શહેરના નાગરિકો માટે આ મેરેથોનમાં ભાગ લેવા માટે આ વર્ષે ગાંધીનગર સમાચાર દૈનિકના સેક્ટર-૮ ખાતે આવેલા કાર્યાલય પર નોંધણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. દર વર્ષે આ સાબરમતી મેરેથોનમાં ગાંધીનગરના અનેક દોડવીરો ભાગ લે છે તે ધ્યાનમાં રાખીને ખાસ આ વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ મેરેથોન દોડની ટ્રાયલ રન તા. ૨૨મી ડિસેમ્બર અને ૨૯મી ડીસેમ્બરે સવારે ૬ વાગ્યાથી વલ્લભસદન રીવરફ્રન્ટ ખાતે યોજાનાર છે.



પાલનપુર ખાતે યોજાયેલ રન ફોર યુનિટીમાં પ્રદેશ ભાજપના મહામંત્રી અને ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીએ ભાગ લીધો હતો.

## અમેરિકાના ગણિત શાસ્ત્રી બોબ લોર્ટને ઈડરની યુનિક-યુ સ્કુલમાં ગણિતનું જ્ઞાન પીરસ્યું

ઈડર, તા.૧૬

ઈડર ખાતે આવેલી યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કુલમાં અભ્યાસ કરતા પીરસે છે ત્યારે સ્કુલમાં અભ્યાસ કરતા બાળકો કંઈક નવું શીખે તેવા હેતુથી ગણિત વિષયનું આંતરરાષ્ટ્રીય ટેકનીક હતી. બોબનો ગનગમતો વિષય ગણિત હોવાથી વિદ્યાર્થીઓને ઝીણવટભર્યું ગણિત શીખવ્યું હતું.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ઈડર)

બાળકો ગણિતમાં રસ દાખવે તે માટે શાળામાં આંતરરાષ્ટ્રીય ટેકનીક પધ્ધતિનું આયોજન કરવામાં આવ્યું હતું.

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કુલ બાળકોના ઘડતર માટે અવનવી પધ્ધતિઓ અને નિષ્ણાતો દ્વારા જ્ઞાન પધ્ધતિ બતાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમેરિકા સેન્ટર ફોર ઈનોવેશન ઈન એજ્યુકેશનના ફાઉન્ડર બોબ બારાટ્ટાલોર્ટને અવનવી ગાણિતીક પધ્ધતિઓથી બાળકોને સમજ આપી જેમાં બ્રિટીશ કાઉન્સીલ ઈન્ટરનેશનલ સ્કુલ એવોર્ડ અંતર્ગત ટાઈમ્સ નેવર સ્લિપ પ્રોજેકટ પણ ચાલી રહ્યો છે. જેના આધારે વિવિધ દેશોના સમયમાં ફેરફારની ગણતરી પણ બોબે બાળકોને શીખવી હતી.

## રન ફોર યુનિટી અંતર્ગત અરવલ્લી જિલ્લામાં ૫૦ હજાર લોકો દોડયા

ધનસુરા, તા.૧૬

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે રન ફોર યુનિટી અંતર્ગત યોજાયેલ દોડમાં ૨૨ હજારથી વધારે દોડવીરોએ ભાગ લીધો હતો. તાલુકાની શાળા કોલેજ સહિત અન્ય શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ રાજકીય આગેવાનો વગેરે મોટી સંખ્યામાં જોડાઈ શહેરના માર્ગો પર વહેલી સવારે દોડયા હતા. જયારે ભિલોડામાં ૧૧ હજાર, મેઘરજમાં ૫ હજાર, માલપુરમાં ૩ હજાર લોકો દોડયા હતા.

રન ફોર યુનિટીમાં નવોદય વિદ્યાલયના બે વિદ્યાર્થીઓ પ્રથમ આવતા સરપંચ ત્રિવેણીબેન પટેલે ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં મનહરભાઈ દેસાઈ, અનિલભાઈ પટેલ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, ગોપાલભાઈ ઠેકડા, રાકેશ મહેતા, હેમલતાબેન પટેલ સહિત અનેક ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

## મોરબીના સીરામીક ઉદ્યોગકારોનું આંદોલન ઉગ્ર બને તેવી શકયતા

ગાંધીનગર, તા.૧૬

મોરબીના સીરામીક ઉદ્યોગકારોના પ્રશ્નનો ઉકેલ નહીં આવતાં હવે આગામી દિવસોમાં સીરામીક ઉદ્યોગકારોનું આંદોલન ઉગ્ર બને તેવી શકયતા સેવાઈ રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના ઉદ્યોગોને આપવામાં આવતાં ગેસના દરમાં વધારો કરવામાં આવતાં મોરબીના સીરામીક ઉદ્યોગોને ભારે બોજો આવતાં ભાવ વધારાના વિરોધમાં સીરામીક ઉદ્યોગકારોએ આંદોલન છેડીને ભાવવધારો પાછો ખેંચવાની માંગણી કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ સીરામીક ઉદ્યોગકારોએ ગેસના ભાવમાં કરાયેલા ભાવવધારો પાછો ખેંચવા અને વેટના દરોમાં ઘટાડો કરવા માટેની માંગણી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આજે સીરામીક ઉદ્યોગકારોના એસો.ના આગેવાનો અને સરકાર વચ્ચે એક બેઠક યોજાઈ હતી. જો કે આ બેઠકમાં કોઈ હકારાત્મક ઉકેલ ન આવતા બેઠક નિષ્ફળ જવા પામી હતી.

સરકાર સાથે મંત્રણા નિષ્ફળ જતાં હવે આગામી દિવસોમાં સિરામીક ઉદ્યોગકારોનું આંદોલન ઉગ્ર બને તેવી શકયતા છે.

## અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘની ઉજાણી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા આગામી તા. ૧૮મી ડિસેમ્બર બુધવારે સવારે ૧૧ થી ૨ વગ્યા સુધી સે-૧૯માં સેક્રેટરીયેટ જીમખાના ખાતે ઉજાણીનું આયોજન કરવામાં આવ્યું છે તો દરેક સભ્યોને પરિવાર સહિત લાભ લેવા પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ અનુરોધ કરેલ છે.

## નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળનો સ્નેહમિલન

ગાંધીનગર, તા.૧૬

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર સંસ્થાનો સ્નેહમિલન કાર્યક્રમ અને સામાન્ય સભા ચન્દ્રકાન્ત ધનેશ્વરના અધ્યક્ષ સ્થાને તા. ૨૧ ડિસેમ્બર શનિવાર સવારે ૧૦ કલાકે શ્રી અરવિંદ સંસ્કાર કેન્દ્ર, સે-૨૩ ખાતે યોજવામાં આવશે. જેમાં સંસ્થાના પદાધિકારીઓ, કારોબારી સભ્યોએ કાર્યક્રમમાં હાજર રહેવા રણછોડભાઈ રાણાએ જણાવ્યું છે.

## વિધાનસભામાં ૧૯મીએ પુષ્પાંજલિ કાર્યક્રમ

ગુજરાત વિધાનસભાના મકાન વિઠ્ઠલભાઈ પટેલ ભવનમાં પ્રથમ માળે આવેલ પોડિયમમાં દરબાર સાહેબ ગોપાલદાસ દેસાઈના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાનું માનનીય અધ્યક્ષશ્રીએ નક્કી કરેલ છે.



લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં , એકતાના પ્રતીક તરીકે, સમગ્ર દેશમાં એકતા માટે દોડના કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરમાં આવેલ સેકટર-૨૮ની ઝૂંપડપટ્ટીનાં બાળકોએ પણ પોતાનું યોગદાન આપ્યું હતું. પ્રસ્તુત તસવીરમાં બાળકો બેનર સાથે નજરે પડે છે.

## ઈતિહાસના દરેક મોડ પર સરદાર પટેલ આપણને યાદ આવ્યા છે : વી.એસ. ગઢવી

### રાજકોટમાં સરદાર પટેલની ૬૬મી પુણ્યતિથિએ અર્પિત થયાં શ્રદ્ધાસુમન

રાજકોટ, તા. ૧૬

લોહપુરુષ સરદાર પટેલ સાહેબની ૬૪મી પુણ્યતિથિના અવસરે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ, રાજકોટના ઉપક્રમે સરદાર સાહેબને શ્રદ્ધાસુમન અર્પવાનો એક કાર્યક્રમ આજે સરદાર સ્મારક ભવન-રાજકોટના પ્રાંગણમાં આ સંસ્થાના અધ્યક્ષ અને અખિલ ભારત ખાદી ગ્રામોદ્યોગ આયોગના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈની અધ્યક્ષતામાં સંપન્ન થવા પામ્યો.


સરદાર વલ્લભભાઈ પટેલના જીવનના અનેક પાસાંઓ પર વિદ્વતાપૂર્ણ પ્રકાશ પાથરતાં રાજ્યના નિવૃત્ત વરિષ્ઠ સનદી અધિકારી, રાજ્યના માહિતી કમિશ્નરશ્રી (આર.ટી.આઈ.) અને સરદાર સાહેબના જીવનકવન પરના અભ્યાસુ એવા શ્રી વી.એસ. ગઢવીએ કહ્યું કે સરદાર સાહેબની આપણી વચ્ચેથી વિદાયને સાડા છ દાયકા ઉપરાંતનો સમય પસાર થઈ ચૂક્યો હોવા છતાં, તેમની અને તેમના વિચારોની પ્રસ્તુતતા આજે પણ એટલી જ છે. સાડા છ વર્ષના આ સમયમાં ઈતિહાસના દરેક મોડ પર જ્યારે પણ રાષ્ટ્ર સામે કોઈ સમસ્યા આવી, આપણને સરદાર પટેલ અચૂક યાદ આવ્યા છે. અને આપણને સહજ રીતે એ પ્રશ્ન થયો છે કે, આજે સરદાર પટેલ હોત તો, તેમણે આ સમસ્યાને કેવી રીતે જોઈ હોત ? સરદાર સાહેબની પ્રતિક્રિયા શું હોત ?

સરદાર પટેલ કે જેઓ અમદાવાદમાં સફળ વકીલ હતા અને સારી કમાણી કરતાં હતા. તેઓ પુ. બાપુ મહાત્મા ગાંધી અને એમની વિચારસરણીથી કેવી રીતે પ્રભાવિત થયા અને છેવટે આખું જીવન પુ. બાપુની આગેવાનીમાં રાષ્ટ્રને ચરણે ધરી દઈને એક લોખંડી રાજપુરુષ તરીકે ઉપસી આવ્યા તેની તંતોતંત અને ઐતિહાસિક તથ્યો આધારિત વિગતો રોચક રીતે રજૂ કરી શ્રી વસંતભાઈ ગઢવીએ 'દેશના રજવાડાંઓનાં વિલિનીકરણનુંભગીરથ કામ શુંસરદાર પટેલ વિના શક્ય બન્યું હોત ખરું ?' એવો પ્રશ્ન તરતો મુકીને, અનોખી શૈલીએ સરદાર પટેલને શાબ્દિક શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

સરદાર પટેલે એમના જીવનકાળના ત્રણ સત્યાગ્રહો દરમિયાન છેલ્લા બારડોલી સત્યાગ્રહથી અહિંસક લડતનો એવો તો પ્રભાવ છોડ્યો કે વિનોબાજીને એમ કહેવું પડ્યું કે, ભવિષ્યમાં અહિંસાના યુદ્ધનો જો ઈતિહાસ લખાશે તો એમાં બારડોલી સત્યાગ્રહ અને એના મોવડી સરદાર વલ્લભભાઈ પટેલને મોખરે રાખીને વાત કરવી પડશે.

સરદાર પટેલની સાચી દેશ-સેવાની એમના વિરોધીઓએ પણ પ્રશંસા કરી છે. એના સમર્થનમાં મૌલાના અબુલ કલામ આઝાદના એવા ઉલ્લેખ કે 'સરદાર પટેલને સમજવામાં મારી વિચારધારા ભૂલ ભરેલી હતી.' તથા તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદનાં એવા વિધાન કે 'આજે આપણે જે એક ભારત જોઈ રહ્યા છીએ તે સરદાર પટેલની કુનેહ અને સૂઝનું પરિણામ છે, ત્યારે સરદાર પટેલની થયેલી ઉપેક્ષા સાલે છે.' તેમજ ચક્રવર્તી રાજગોપાલાચારીના એવા કથન કે 'સાદગીની બાબતમાં સરદાર પટેલ અમારા સમાજવાદી મિત્રોથી પણ આગળ હતા અને સાદગી એમને સહજ હતી' જેવા અભ્યાસપૂર્ણ અવતરણો એમની અસ્ખલિત વાણીમાં રજૂ કરીને શ્રી વસંત ગઢવીએ સરદાર પટેલના આખાબોલા, હાજરજવાબીપણાં અને રમૂજી સ્વભાવના અનેક ઉદાહરણો રજૂ કરી સરદાર પટેલના જીવનની આ અગાઉ સાંભળી ન હોય તેવી વિગતો પર પ્રકાશ પાથર્યો હતો.

## શબ્દાવલી - ૫૨૫૯



### આડી ચાવી

૧. સંગાથ, સાથ (૪)
૪. પાચન, વાત ખતમ પૈસા... (૩)
૭. પ્યાર, .... લડાવવા(૨)
૮. હોજરી (૫)
૧૦. કટુવેણ (૩)
૧૧. વસ્ત્ર, કપડા (૩)
૧૩. કરતાલ, એક વાદ્ય (૪)
૧૭. ઉતાવળમાં થતી ગભરામણ (૪)
૧૮. ... ની મજા મોતની સજા (૩)
૧૯. તાસક, પ્લેટ (૨)
૨૦. કાળીટીલી લાગવી (૩)
૨૩. '૩૫' નો આંક (૩)
૨૫. ઉલટા સુલટું (૬)

### ઊભી ચાવી

૧. સલાહ આપનાર (૫)
૨. ઝાડમાં નીચેનો મૂળ પછીનો ભાગ (૨)
૩. રસ્સી માર્ગ (૩)
૪. વાયરો, પવન (૨)
૫. લોકોના ગમે તેટલા કામ કરો પણ... ના માથે જૂતિયા (૨)
૬. મદિરા, શરાબ (૨)
૯. ચોખાના કટકા (૩)
૧૦. કડવો સ્વાદ (૪)
૧૨. સીંધી કોમમાં મરનાર વ્યક્તિ પાછળ કરાતી એક રસમ (૩)
૧૪. રઝળ્યા કરવું (૫)
૧૫. તાડના પાનનું છજુ (૪)
૧૬. લપીયા, અટકુ (૨)
૨૧. પૈસા... કરવા, હડપ કરવા (૨)
૨૨. હક્નું માગણું (૨)
૨૪. સડવું તે (૨)

### શબ્દાવલી ૫૨૫૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખેતીવાડી (૪) સુદામા (૬) રાત (૭) ઝગમગ (૮) તર (૧૦) અમલ (૧૧) અલ્પવિરામ (૧૪) લપડાક (૧૭) આરામદાયક (૧૮) હરોળ (૧૯) ણચ

**ઊભી ચાવી :-** (૧) ખેરાત (૨) તીતર (૩) ડીઝલ (૪) સુમસામ (૫) દાગ (૧૦) અમલદાર (૧૧) અલી (૧૨) વિકરાળ (૧૩) શક (૧૫) પચ (૧૬) ડાકણ (૧૭) આરો

## હિંમતનગરમાં 'પડકાર' સ્વ-રક્ષક તાલીમ કેમ્પ યોજાયો

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગર ખાતે ગુજરાત રાજ્ય સ્પોર્ટસ, યુથ એન્ડ કલ્ચરલ વિભાગ અને કોલેજના સંયુક્ત ઉપક્રમે 'પડકાર' સ્વ-રક્ષક તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન ગુજરાત મહિલા મોરચાના ઉપપ્રમુખ કૌશલ્યા કુંવરબાના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે કોલેજના આચાર્ય ડૉ. કનૈયાલાલ પટેલે સૌનું સ્વાગત કરી વિદ્યાનગરીનો પરિચય આપી પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતુ. આ તાલીમ કેમ્પમાં ૫૦૦ જેટલી બહેનો જોડાઈ હતી. જેમાં તજજ્ઞ ઝુજારસિંહે વિવિધ અંગ કસરત અને જુડો-કરાટે વગેરે કલાથી તાલીમ આપી રહ્યા છે. જેથી શક્તિશાળી અને માનસિક રીતે કઠોર બની સ્વ-બચાવ કરી શકશે. જયારે ઉપસ્થિત મહાનુભાવો પોલીસ અધિકારી જ્યોતિબેન પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, ડી.એસ. પટેલ અને કે.એલ. પટેલે પ્રસંગોચિત ઉદ્બોધન કરી વિવિધ માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

## પત્નીએ ધોકા વડે ફટકારતાં પતિનું કરુણ મોત નિપજ્યું

### નરોડા વિસ્તારમાં સનસનાટીપૂર્ણ બનાવ : લાંબા સમયથી દંપતિની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ રહી હતી : અહેવાલ

અમદાવાદ, તા.૧૬

લગ્નજીવનમાં પતિ-પત્ની વચ્ચે અવાર નવાર સામાન્ય તકરાર થતી હોય છે પરંતુ ક્યારેય આ સામાન્ય તકરારો રૂદ્ર સ્વરૂપ ધારણ કરતા કરુણ અંજામ આવે છે. આવો જ એક બનાવ નરોડા વિસ્તારમાં બનવા પામ્યો છે જ્યાં લાંબા સમયથી ચાલી રહેલા પતિ-પત્ની વચ્ચેના ઘર કંકાસમાં પત્નીએ મોડી રાત્રે પતિને ધોકા વડે ફટકારતા પતિનું કરુણ મોત થયું છે. આ બનાવ બાદ પત્ની પોલીસ મથકમાં હાજર થઈ ગઈ હતી. હાલ આ મામલાની પોલીસ અધિકારીઓ વધુ તપાસ ચલાવી રહ્યા છે. નરોડા પોલીસ મથકમાં પોલીસ ઈન્સ્પેક્ટર એમ વાળા સાથે થયેલી ટેલિફોનિક વાતચીતમાં જણવા મળ્યું હતું કે નરોડાના રાજાવિર સોસાયટીમાં રહેતા રાજેન્દ્રભાઈ દેવીસિંહ વણઝારા અને તેમના પત્ની લક્ષ્મીબેન વચ્ચે કેટલાક સમયથી ઘર કંકાસ હેઠળ ઝઘડા ચાલતા હતા. બંને એમરોડરી કંપનીમાં સાથે કામ કરતા હતા પરંતુ છેલ્લા એકાદ વર્ષથી લક્ષ્મી એમરોડરી કંપનીમાં કામે જતા ન હતા.

ગત રાત્રિના એકાદ વાગે રાજેન્દ્રભાઈ અને લક્ષ્મીબેન વચ્ચે અણબનાવ બાદ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી જેથી ગુસ્સે ભરાયેલા લક્ષ્મી બહેન પોતાના પતિ રાજેન્દ્રભાઈને ધોકા વડે ફટકારતા તેમનું મોત થયું હતું. પતિથી કંટાળેલી પત્નીએ આ કરુણ અંજામ આપ્યા બાદ પોલીસમાં જાતે ઉપસ્થિત થઈ ગઈ હતી.

## મેઘાણીનગરમાં કુરિયરના બહાનાથી બોલાવીને ફાયરીંગ કરાતા ભારે ચકચાર

અમદાવાદ, તા.૧૬

નાના ગુના ઉકેલવા માટે રાત-દિવસ જાગતી પોલીસને તસતસતો તમાચો મારી અજાણ્યા બે શખસોએ ખાનગી કંપનીના સિક્યુરીટી કર્મચારી પર ખુલ્લેઆમ ફાયરીંગ કરી ફરાર થઈ ગયા છે. મોડી રાત્રે કુરીયર લેવાના બહાને ઘરની બહાર બોલાવીને બે અજાણ્યા શખસોએ દેશી તમંચાથી ખાનગી કંપનીના સિક્યુરિટી કર્મચારી પર ફાયરીંગ કરતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ફાયરીંગમાં ઈજાગ્રસ્ત થયેલ શખસને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. અંગત અદાવતમાં યા ફાયરીંગ થતું હોવાનું પોલીસ બેડામાં ચર્ચાય છે. સૂત્રો દ્વારા મળતી વિગત અનુસાર મેઘાણીનગરના ભગવતી સ્કુલ પાસે આવેલ પુષ્પાનગરમાં રહેતા ૨૬ વર્ષીય અનિલ તિવારી ખાનગી કંપનીના સિક્યુરિટી કર્મચારી છે. ગત સાંજે અનિલભાઈના ઘરે લેન્ડલાઈન પર ફોન આવ્યો હતો. ફોનમાં અજાણ્યા શખસે અનિલભાઈને તેમના રિટાયર્ડ પિતાના કુરીયર આપવા અંગેની વાતચીત કરી પરંતુ અનિલાઈ કોઈ કામમાં વ્યસ્ત હોવાથી થોડીવાર પછી વાત કરવા જણાવ્યું. ત્યારબાદ મોડી રાત્રે ત્રણ વાગે ફરી તે જ કુરીયર કંપનીમાંથી ફોન આવ્યો અને અનિલભાઈને કુરીયર લેવા માટે ભગવતી સ્કૂલ બોલતા તરત જ અનિલભાઈ ત્યાં પહોંચ્યા. જ્યાં બે અજાણ્યા શખસોએ તેમની પાસે ઓળખપત્ર માંગ્યું પરંતુ ઓળખપત્ર અનિલભાઈ સાથે ન લાવતા તેમણે તરત જ તેમની પત્નીને ઓળખપત્ર લઈ આવવા માટે ફોન કરી જણાવ્યું પરંતુ ઘણા સમય બાદ પત્ની ઓળખપત્ર લઈને ન આવતા તેઓ ઓળખપત્ર લેવા ઘરે જવા નીકળ્યા ત્યારે પાછળથી બે શખસોએ તેમના પર ફાયરીંગ કરી ફરાર થઈ ગયા.

## વાઘેલાનું રાજીનામુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિગતો પ્રમાણે પ્રદેશ નેતાગીરીએ નારાજગી વ્યક્ત કરી છે અને શ્રી રમણભાઈ પણ સમિતિમાં સભ્ય તરીકે રહેવા ઈચ્છુક નથી.

શ્રી વાઘેલાએ આજે રાજીનામુ આપ્યુ તે અગાઉ સમિતિમાં નિમણુંક થઈ ત્યારે પણ રાજીનામુ આપ્યુ હતુ પરંતુ તે નામંજૂર કરાયું હતું. જો કે તેઓ સમિતિની બેઠક એક મળી હતી તેમાં હાજર રહ્યા ન હોવાનું પણ ભાજપના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

હવે ઉભી થયેલી પરિસ્થિતિમાં સમિતિઓની રચનાનો મુદ્દો પ્રદેશ નેતાઓના માર્ગદર્શન તળે હાથ ધરવામાં આવે તેવી શક્યતાના નિર્દેશો કોંગ્રેસમાંથી મળી રહ્યા છે.

## વિકાસ શક્ય નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શ્રી શૈલેષભાઈ જોશીએ સંગઠનને મજબૂત કરવા અપીલ કરી હતી. આ ઉપરાંત જાણીતા ઉદ્યોગપતિ, મિહિરભાઈ પંડ્યા, પરશુરામ ફાઉન્ડેશનના શ્રી જગતભાઈ શુક્લ, શિક્ષણકાર શ્રી રાજેન્દ્રભાઈ રાવલ અને સામાજિક અગ્રણી શ્રી મનુભાઈ જાનીએ પ્રાસંગિક ઉદ્બોધનો કર્યા હતા.

સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ, અમદાવાદ શહેર પશ્ચિમ વિભાગના અગ્રણીઓ સર્વશ્રી ભૂપેન્દ્રભાઈ શુક્લ, કનુભાઈ રાવલ, કુમુદભાઈ રાવલ અને રાજેશભાઈ દવેએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.